પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૩ | ૨૪ ઓગસ્ટ, ૨૦૨૨, બુધવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગરીબો માટે મફત યોજનાઓ જરૂરી : સુપ્રીમ

**રેવડી કલ્ચર પર સુપ્રીમમાં સુનાવણી હાથ ધરવામાં આવી : ફ્રીબીઝ એક મહત્વપૂર્ણ મુદ્દો છે અને તેના પર ચર્ચા કરવાની જરૂર, વસ્તુની ગણતરી કોણ કરશે કે, કઇ વસ્તુ મફતના દાયરામાં આવે છે? અને કઇ વસ્તુને લોકકલ્યાણ ગણવામાં આવશે?**



નવી દિલ્હી, તા.૨૩

રાજકીય પક્ષો દ્વારા મફત સુવિધાઓ આપવાના વચન પર મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કોર્ટે કહ્યું ,કે ગરીબીની દલદલમાં ફસાયેલા વ્યક્તિને મફત સુવિધાઓ અને વસ્તુઓ પૂરી પાડતી યોજના મહત્વપૂર્ણ છે. પ્રશ્ન એ છે કે,આ વસ્તુની ગણતરી કોણ કરશે કે, કઈ વસ્તુ મફતના દાયરામાં આવે છે? અને કઈ વસ્તુને લોકકલ્યાણ ગણવામાં આવશે?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે આ મામલે ચૂંટણી પંચને વધારાની સત્તા આપી શકીએ નહીં. કોર્ટે આ મામલે આવતીકાલે સુનાવણી કરવાનું પણ કહ્યું છે.

કોર્ટે કહ્યું કે, ફ્રીબીઝ એક મહત્વપૂર્ણ મુદ્દો છે અને તેના પર ચર્ચા કરવાની જરૂર છે.

આ અંગે સીજેઆઈ એનવી રમનાએ કહ્યું, ધારો કે જો કેન્દ્ર સરકાર એવો કાયદો બનાવે છે કે, રાજ્યોને મફત ભેટ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવે, તો શું આપણે એ કહી શકીએ કે, આવો કાયદો ન્યાયિક તપાસ માટે નહીં આવે. આવી સ્થિતિમાં અમે આ બાબતને દેશના કલ્યાણ માટે સાંભળી રહ્યા છીએ.

એસસી આ મામલે અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલમાં આ ચોમાસામાં ૨૪૯નાં મોત, ૧૩૩૭ કરોડનું નુકશાન થયું

**વરસાદથી હિમાચલમાં ભારે તબાહી : હિમાચલમાં ૧૮થી ૨૦ ઓગષ્ટ સુધી ચોમાસાએ સૌથી વધુ તબાહી મચાવી, આ ૩ દિવસોમાં ૨૨થી વધુ લોકોના જીવ ગયા**

શિમલા, તા.૨૩

હિમાચલમાં ચોમાસાએ ભારે તબાહી મચાવી છે. ૨૯ જૂનથી લઈને અત્યાર સુધીમાં આ ચોમાસાની સિઝનમાં ૨૪૯ લોકોના જીવ ગયા છે અને ૪૪૪ લોકો ઘાયલ થયા છે તથા ૧૦ લોકો હજુ પણ લાપતા છે. પ્રદેશને અત્યાર સુધીમાં ૧,૩૩૭ કરોડથી વધુનું નુકશાન થયું છે. ૨૯ પાકા અને ૪૯૪ કાચા મકાનો પડી ભાંગ્યા છે. તેમજ ૪૯૪ કાચા અને ૯૩ પાકા મકાનોને આંશિક નુકસાન થયું છે. ચોમાસામાં ૧૭૬ પશુઓએ પણ દમ તોડી દીધો છે. જોકે, મૃત્યુમાં માર્ગ અકસ્માતનો પણ સમાવેશ થાય છે અને અડધાથી વધુ મૃત્યુ માર્ગ અકસ્માતને કારણે થયા છે.



રાજ્ય સરકાર આ નુકશાનનો રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલશે અને રાહતની માગ કરવામાં આવશે. આ વિશે કેબિનેટ મંત્રી સુરેશ ભારદ્વાજે કહ્યું કે, આ વખતે અણધાર્યો વરસાદ પડ્યો છે પરંતુ કેટલાક સ્થળો પર દુષ્કાળ જેવી સ્થિતિ છે. તેમણે કહ્યું કે, નુકશાનનો રિપોર્ટ કેન્દ્રને મોકલવામાં આવશે.

હિમાચલમાં ૧૮થી ૨૦ ઓગષ્ટ સુધી ચોમાસાએ સૌથી વધુ તબાહી મચાવી છે. આ ૩ દિવસોમાં ૨૨થી વધુ લોકોના જીવ ગયા છે અને પ્રદેશને ૨૦૦ કરોડથી વધુનું નુકશાન ઝેલ્યું છે. આલમ એ છે કે આ સમયગાળા દરમિયાન થયેલા વરસાદની અસર હજુ પણ જોવા મળી રહી છે. તેના કારણે પ્રદેશમાં હજુ પણ એક હાઈ વે સહિત ૧૧૮ રસ્તાઓ બંધ છે.

## પયગંબર પર નિવેદન બદલ તેલંગણાના ધારાસભ્ય સસ્પેન્ડ

**ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહે કથિત રીતે પયગંબર મોહમ્મદ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી**

હૈદરાબાદ, તા.૨૩

તેલંગણા ખાતે ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહની ધરપકડ કરવામાં આવી છે. એ પછી ધારાસભ્યને પક્ષમાંથી સ્સેપન્ડ પણ કરી દેવાય.ા ચે તથા તેમને ૧૦ દિવસમાં આ બાબતે ખુલાસો કરવા નોટિસ પણ પઠાવાઈ છે અને જો તેમાં તેઓ સંતોષજનક જવાબ નહીં આપી શકે તો તેમને પક્ષમંથી હાંકી કઢાય એવી શક્યતા છે. તેમના પર ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહે કથિત રીતે પયગંબર મોહમ્મદ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. ત્યાર બાદ



લોકો રોષે ભરાયા હતા. હૈદરાબાદમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ત્યાર બાદ આજે સવારે હૈદરાબાદથી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

પયગંબર મોહમ્મદ અંગે તેમની કથિત ટીપ્પણી બદલ તેમના વિરૂદ્ધ અનેક ફરિયાદો કરવામાં આવી હતી. આટલું જ નહીં,

દબીરપુરા, ભવાનીનગર, રેઈનબજાર, મીર ચોક પોલીસ સ્ટેશનની બહાર ફરિયાદ નોંધાવવા માટે મોટી સંખ્યામાં લોકોભેગા થયા હતા. ગુસ્સે ભરાયેલા લોકોએ કહ્યું હતું કે, તેઓએ એક સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે.

## રાહુલ દ્રવિડ કોરોનાથી સંક્રમિત

નવી દિલ્હી, તા.૨૩

એશિયા કપ ૨૦૨૨ પહેલા ટીમ ઈન્ડિયાને મોટો આંચકો લાગ્યો છે. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બાદ કોચ રાહુલ પણ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ શકે છે. કારણ કે, રાહુલ દ્રવિડ કોરોના પોઝિયિવ થયા છે. ટીમ ઈન્ડિયા આજે જ યુએઈમાટે રવાના થઈ રહી છે. એશિયા કપ આ જ શનિવારે એટલે કે, ૨૭ ઓગષ્ટથી શરૂ થવા રહ્યો છે અને ભારતની મેચ ૨૮ તારીખે છે.

વેસ્ટ ઈન્ડિઝ સામે તાજેતરમાં જ ખતમ થયેલી સિરીઝ બાદ ટીમ ઈન્ડિયાના હેડ કોચ રાહુલ દ્રવિડ પણ બ્રેક પર હતા. કેએલ રાહુલની આગેવાની હેઠળની ટીમ જે વન-ડે શ્રેણી રમવા માટે ઝિમ્બાબ્વે પહોંચી હતી તેની સાથે નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ)ના ડિરેક્ટર વીવીએસ લક્ષ્મણ કોચ તરીકે ગયા હતા. કેએલ રાહુલ અને વીવીવીએસ લક્ષ્મણે ઝિમ્બાબ્વે સામે ક્લીન સ્વીપ કર્યું હતું.

એશિયા કપની શરૂઆત ૨૭ ઓગષ્ટથી યુએઈમાં થઈ રહી છે. ભારતનો પ્રથમ મુકાબલો ૨૮ ઓગષ્ટના રોજ પાકિસ્તાન સામે છે. ભારતીય સમય પ્રમાણે આ મેચ સાંજે ૭:૩૦ વાગ્યે છે.

## મસ્જિદોમાં લાઉડ સ્પિકર પર રોકનો હાઈકોર્ટનો ઈનકાર

**લાઉડ સ્પીકર પર અજાનથી અન્ય ધર્મોના લોકોના મૌલિક અધિકારનું ઉલ્લંઘન ન થતું હોવાનું કર્ણાટક હાઈકોર્ટનું અવલોકન**

બેંગલુરુ, તા.૨૩

કર્ણાટક હાઈ કોર્ટે સોમવારે મસ્જિદોમાં અજાન માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર રોક લગાવવાથી ઈનકાર કરી દીધો છે. હાઈ કોર્ટે કહ્યું કે, લાઉડ સ્પીકર પર અજાનથી અન્ય ધર્મોના લોકોના મૌલિક અધિકારનું ઉલ્લંઘન નથી થતું. કોર્ટે મસ્જિદોને અજાન પર રોકનો આદેશ આપવાનો ઈનકાર કરી દીધો છે. જો કે, કોર્ટે અધિકારીઓને લાઉડ સ્પીકરો સાથે સબંધિત ધ્વનિ પ્રદૂષણ નિયમ લાગુ કરવા અને અનુપાલન રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

કાર્યકારી ચીફ જસ્ટિસ જસ્ટિસ આલોક આરાધેની અધ્યક્ષતાવાળી ડિવિઝન બેન્ચે બેંગલુરુના રહેવાસી મંજુનાથ એસ. હલવરની જાહેર હિતની અરજી પર સુનાવણી કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, અજાન આપવી મુસ્લિમોની એક આવશ્યક ધાર્મિક પ્રથા છે. જોકે, અજાનનો અવાજ અન્ય ધર્મોમાં માનનારા લોકોને પરેશાન કરે છે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, ભારતીય બંધારણની કલમ ૨૫ અને ૨૬ સહિષ્ણુતાના સિદ્ધાંતોનું પ્રતીક છે જે ભારતીય સભ્યતાની વિશેષતા છે. બંધારણની કલમ ૨૫ (૧) લોકોને સ્વતંત્ર રૂપે પોતાના ધર્મોને માનવા અને તેનો પ્રચાર કરવાનો મૌલિક અધિકાર પ્રદાન કરે છે. કોર્ટે કહ્યું કે, ઉપરોક્ત અધિકાર સંપૂર્ણ અધિકાર નથી

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્ફોસિસે કર્મીઓનો વેરિએબલ-પે ઘટાડીને ૭૦ ટકા કરી દીધો

નવી દિલ્હી , તા.૨૩

દેશની બીજી મોટી સોફ્ટવેર સર્વિસ પ્રોવાઈડર ઈન્ફોસિસે માર્જિનમાં ઘટાડો અને ઉચ્ચ સ્ટાફ ખર્ચ વચ્ચે જૂન ત્રિમાસિક માટે કર્મચારીઓના સરેરાશ વેરિએબલ-પે ને ઘટાડીને લગભગ ૭૦ ટકા કરી દીધો છે. સૂત્રોએ આ જાણકારી આપી છે. વિપ્રોએ પણ તાજેતરમાં જ માર્જિન ઘટવા અને ટેકનોલોજીમાં રોકાણના કારણે કર્મચારીઓના વેરિએબલ પે ને રોકી દીધુ હતુ. આ સિવાયા ટાટા કન્સલ્ટન્સી સર્વિસે પણ અમુક કર્મચારીઓના ત્રિમાસિક વેરિએબલ પે ને એક મહિના માટે ટાળી દીધુ છે. સૂત્રો અનુસાર ઈન્ફોસિસએ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક માટે વેરિએબલ-પેને ઘટાડીને ૭૦ ટકા કરી દીધો છે અને કર્મચારીઓને પણ આ વિશે માહિતગાર કરી દેવાયા છે. આ સંબંધિત મોકલવામાં આવેલા ઈમેલનો ઈન્ફોસિસે હાલ કોઈ જવાબ આપ્યો નથી.ઈન્ફોસિસે વધતા ખર્ચની વચ્ચે જૂન ત્રિમાસિકમાં પોતાના નેટ પ્રોફિટમાં ૩.૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. જોકે, કંપનીના અનુમાન કરતા આ ઓછુ હતુ. તાજેતરમાં જ કંપનીએ કહ્યુ હતુ કે ચાલુ નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકમાં તેમનુ કન્સૉલિડેટેડ નેટ પ્રોફિટ ૩.૨ ટકા વધીને ૫,૩૬૦ કરોડ રૂપિયા થઈ ગયુ.




ફ્લેટ વેચવાનો છે
2BHK, સંપદ પ્રાઈમ, સરગાસણ, ગાંધીનગર
મો. ૯૪૨૬૦ ૩૩૨૫૩
મો. ૯૪૨૬૫ ૩૪૫૦૦

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!
Zydus Hospitals Cancer Centre
27 ઓગસ્ટ, શનિવારના રોજ
ડૉ. સુપ્રીત ભટ્ટ
MS, M.Ch
મોંઢા અને ગળાના કેન્સર સર્જન
● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
● 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર
દર મહિનાના બીજા અને ચોથા શનિવારે
લક્ષણો: ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

આજના મંગલ પ્રભાતે
પચ્ચીસ વર્ષ
સફળતાપૂર્વક સંપન્ન કરીએ છીએ ત્યારે...
પરમતત્વને પ્રણામ,
મા-બાપના આશિષ સાથે
આપ સૌના સહયોગ બદલ સૌને વંદન પાઠવીએ છીએ...
મૈત્રી ડેન્ટલ કેર
ડો. મનીષા વ્યાસ - શુક્લ
M.D.S. (Conservative & Endodontics)
૮૬૭, વિશ્વકર્મા શોપીંગ, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. : ૯૮૨૪૦ ૨૧૬૮૭
છવ્વીસમાં વર્ષના મંગલાચરણે
હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ...
ચેતન શુક્લ
ડો. ઝંકૃત શુક્લ । ડો. ઈશા પાઠક
મહેશ વ્યાસ ● કૈલાસ વ્યાસ ● ડો. જ્વલંત વ્યાસ
ભારતી શુક્લ । સુધા શુક્લ
અતુલ - રૂપા ● નીશા - વિજય ● ક્ષમા - રાજેશ
અમી - હિતેન ● ધ્વની - મિહીર

